# ખેતરમાં તેતર, બાગમાં લેલાં

એક ખેતરમાં તેર તેતર રહેતાં હતાં. બાજુના બાગમાં સાત લેલાં રહેતાં હતાં.

તેતર અતિશય પ્રેમાળ. સવારમાં ઊઠે ત્યારથી એકબીજાની ખબર પૂછ્યા જ કરે. 'તું સુખી છે? સુખી છે?' જવાબ તરત મળે, 'સુખી છું.' 'સુખી છું.' હવે ભાઈ, આટલા પાસેપાસે તો છો! પોતાની મેળે જોઈ શકો છો કે સામેનું તેતર સુખી છે કે દુઃખી છે. તો શાને માટે આવું ગામ ગજવો છો? પણ પૂછપરછ વિના એમને ચેન જ ન પડે.

અને પેલાં લેલાં અતિશય કજિયાળાં. આખો દહાડો કકળાટ કર્યા જ કરે. પાછાં રહે સાથેનાં સાથે. ઊડે પણ એકસાથે, કશેક ઊતરે પણ એકસાથે. પછી જમીન પર પગ અડે એટલી વાર! એકબીજા સાથે લડવા માંડે.

આજુબાજુના લોકો, પશુઓ, પંખીઓ, અરે ભમરા ને પતંગિયાં સુધ્ધાં આ કોલાહલથી એટલાં થાકી ગયાં કે ત્યાંથી બીજે કશેક રહેવા જવાનો વિચાર કરવા લાગ્યાં. પણ ખેતરના છોડ અને બગીચાનાં ઝાડ, વેલી ને ક્યારાના ફૂલછોડ શી રીતે ભાગી જાય? એમના તો પગ જ માટીમાં જકડાયેલા હોય ને! એ શું કરે?

હવે તેતરને અને લેલાંને કંઈ આ બધી વાતની ખબર નહીં. એ લોકો તો પોતાની મસ્તીમાં. પછી ગુલાબના છોડને થયું કે આ બધું આમ ને આમ જ રહેશે તો અમે બધાં આ ઘોંઘાટનાં માર્યાં મરી જ જઈશું. એણે તો પોતાનાં મોટાં મોટાં સુગંધી ફૂલને હલાવીને ભમરાને પાસે બોલાવ્યો.

ગણગણાટ કરતા ભમરાએ આવીને પૂછ્યું, 'શું છે? મને કેમ બોલાવ્યો?'

ગુલાબના છોડે બધી વાત કરી. ભમરો થોડીક વાર શાંત રહ્યો અને હવામાં સ્થિર રહીને વિચાર કરવા લાગ્યો. પછી એ ઊડ્યો તે ઊડ્યો તે સીધો લેલાં પાસે. એણે લેલાંની આસપાસ ચાર આંટા માર્યા અને કહ્યું,

'હું તો તમને બહુ હોશિયાર માનતો હતો પણ તમે તો... હશે, કંઈ નહીં, નથી કહેવું.'

'અરે, એવું તો કંઈ ચાલે? કહો ને ભમરાભાઈ, શું કહેતા હતા?'

'મને થયું કે – જવા દો ને, બોલવાથી કશો ફાયદો નથી. તમે ક્યાં મારું કહ્યું કરવાના હતા?'

'કરીશું, કરીશું, એક વાર કહી તો જુઓ.' સાતેય લેલાં એકસાથે બોલ્યાં.

જુઓ, તમે બધાં કેવું સરસ લડો છો! પણ કોઈને લડતાં શીખવાડી શકો છો કંઈ?' ભમરો બોલ્યો.

લેલાં વિચારમાં પડ્યાં. વાત તો સાચી હતી. ખૂબ સાચી હતી. વણઅટક્યે એકધારું મોટે મોટેથી લડ્યા કરવાની એમની શક્તિ અજોડ હતી. પણ આજ લગી એ કોઈને શિખવાડી તો નહોતી જ. શિખવાડવાનો પ્રયત્ન પણ નહોતો કર્યો.

લેલાં તરત જવાબ ન આપી શક્યાં પણ શાંત રહે તો લેલાં શાનાં? થોડી વાર રહીને એ બધાં એકસામટાં બોલવા માંડ્યાં. 'કોઈ આવતું નથી. કોઈ શીખતું નથી. અમે શું કરીએ? બોલો, બોલો, અમે શું કરીએ? અમારો કંઈ વાંક નથી. નથી, નથી, નથી! અમારો કંઈ વાંક નથી.'

ભમરો કહે, 'વારુ, તમારો કંઈ વાંક નથી. પણ જેને શીખવું હોય તેને તો બધા શીખવે. જેને ન શીખવું હોય તેને પણ શીખવો તો તમે ખરાં કહેવાઓ.'

'અચ્છા? એવું કોણ છે?'

'તેતર, તેતર! ખેતરનાં તેતર! અક્કેક લેલું બબ્બે તેતરને ઝઘડતાં ને લડતાં ન કરી શકે?'

'કરી શકે, કરી શકે!' કહી સાતે લેલાં ખેતરમાં ગયાં. અક્કેક લેલાંએ બબ્બે તેતરને કકળાટ કરતાં શીખવવા માંડ્યું. પણ સાતમું લેલું કહે, 'લે, મને તો એક જ તેતર મળ્યું! એને હું કોની સાથે લડતાં શીખવું?'

'તારી સાથે, તારી સાથે!' કહી છ લેલાં ઊડી ગયાં. એમનાં તેતર સાથે લેતાં ગયાં. સાતમું લેલું તેરમા તેતર સામે જોઈને ખેતરમાં જ બેસી રહ્યું. બગીચામાં બહુ લેલાં નહીં ને ખેતરમાં બહુ તેતર નહીં. નરી જ શાંતિ!

ગુલાબના છોડને મઝા પડી. એણે પાંચ ફૂલ ખીલવ્યાં.

# ઝગમગતી ટાલ

નાનકડા સપનને મમ્મીડૅડી કરતાંયે દાદાદાદી વધારે ગમતાં. એ લોકો સપનની બધી વાતો સાંભળતાં અને એની સાથે થોડું રમતાંયે ખરાં. સપન એમને જે કંઈ શિખવાડે એમાંથી થોડુંક ભૂલી જતાં અને ફરી ફરી શીખવા માટે પણ તૈયાર રહેતાં.

એક દિવસ સપન એ બંનેને બગીચામાં ફરવા લઈ ગયો. ત્યાં એમને ત્રણેને બહુ મજા પડી એટલે એમણે નક્કી કર્યું કે દરરોજ સાંજે બગીચામાં જવું જવું ને જવું જ. પણ સોમ બુધ અને શુક્રવારે સપનના ડ્રોઇંગ ક્લાસ હોય અને મંગળ ને ગુરુવારે સ્વીમિંગના ક્લાસ હોય. બાકી વધ્યા શનિ અને રવિ. એ દિવસોએ તો મમ્મી પપ્પાને રજા હોય એટલે સપનથી દાદાદાદી જોડે જવાય જ નહીં.

ભારે મુસીબત! પણ દાદાદાદી ડાહ્યાં હતાં. કજિયા નહોતાં કરતાં એટલે સપન પણ કજિયો નહોતો કરતો પણ એને દાદાદાદી જોડે બગીચામાં ફરવા જવાનું મન તો બહુ જ થતું હતું. એટલે એણે મમ્મીપપ્પાને મસ્કા મારીને પંદર દિવસે એક વાર બગીચામાં જવાની રજા મેળવી લીધી.

એવા એક દિવસે દાદાદાદી અને સપન બગીચામાં આસ્તે આસ્તે ટહેલતાં હતાં અને જાત જાતની વાતો કરતાં હતાં એટલામાં એક નાનકડી ફૂલચકલી આવીને જોરથી દાદાના માથા સાથે અથડાઈ અને પાછી ઊડી ગઈ. ત્રણે જણ અચંબાથી ઊભાં રહી ગયાં. ફૂલચકલીને આ શું સૂઝયું? શાથી એણે આવું કર્યું?

પણ પૂછવું કોને? ફૂલચકલી તો ઊડી ગઈ. એની પાછળ ઉડાય એવી પાંખો તો કોઈને હતી નહીં એટલે ત્રણ જણે અંદરોઅંદર વાતો કરી.

દાદા બોલ્યા, ‘એણે આવું શાથી કર્યું હશે?’

દાદીએ કહ્યું, ‘ચકલાંને કંઈ અક્કલ ના હોય.’

સપને કહ્યું, ‘એણે આવું ન કરવું જોઈએ.’

દાદાએ કહ્યું, 'તોયે એણે કર્યું જ ને!'

સપન બોલ્યો, 'હા, કર્યું તો ખરું.'

વાતો પૂરી થાય એ પહેલાં એક પારસણ આવીને કહેવા લાગી, "આમ લાઇટ કાં મારો છ? મારી તો બધી આંખો જ અંજવાઈ ગઈ."

દાદા દાદી ને સપન ગભરાઈ ગયાં. શેની લાઇટ ને શેની વાત? વાસણ સંજવાઈ જાય પણ આંખો ક્યાંથી અંજવાઈ જાય? આ ફુલફટાકડી મૅડમ શું કહેવા માગતી હશે?

જે હશે તે! એ તો એના ઊંચા બૂટની એડીઓ ટપાક ટપાક કરતી ચાલી ગઈ પણ આ લોકો ચિંતામાં પડી ગયાં. બાગમાં ફરવાની મઝા મારી ગઈ. તેમ છતાં થોડુંક ફર્યાં તો ખરાં ને ચણા જોર ગરમવાળા ભૈયાજી પાસેથી મીઠું, મરચું ને લીંબુનો રસ નાખેલાં ચણા જોર ગરમનાં ત્રણ પડીકાં લીધાંયે ખરાં ને અક્કેક દાણો ખાતાં ખાતાં વાતોયે કરી.

પછી અંધારું થયું એટલે એ લોકો ઘર ભણી પાછાં વળ્યાં. પણ રસ્તામાં શું થયું, ખબર છે? એક ખટારાવાળો, બે બાઇકવાળા, એક સાઇકલવાળો ને ત્રણ મોટરવાળા લડવા આવ્યા. બધાનું કહેવાનું એક જ. 'લાઇટ બંધ કરો!'

લો, કરો વાત! આ લોકો પાસે લાઇટ જ કયાં હતી કે ચાલુ કરે અથવા બંધ કરે? તેમ છતાં રસ્તા વચ્ચે ઝઘડો કોણ કરે, એટલે લડવા આવનારા બધાને 'સૉરી, સૉરી' કહીને વિદાય કર્યા.

પણ વાત હતી તો મૂંઝવે એવી. આ લાઇટ શી ને વાત શી? પછી ચાલતાં ચાલતાં રસ્તા પરની લાઇટ થઈ તે ભેગું સપનના ભેજામાં અજવાળું થયું. એની આંખો એની મેળે બંધ થઈ ગઈ કારણે કે બત્તીનો પ્રકાશ દાદાજીની ગોળમટોળ ને સુંવાળી ટાલ પર પડીને પાછો ફેંકાતો હતો ને આંખો પર પડતો હતો. પેલા બધા વાહનચાલકોને પણ આવો જ અનુભવ થયો હશે એમ વિચારીને સપન હસી પડયો.